# સેન્ટર ફોર ડેવલપમેન્ટ

**વિઝન :-**

ન્યાયી, માનવીય અને શાંત સમાજની રચના કરવી, જયાં બધાને સમાન અધિકારો મળી રહે.

**મિશન :-**

વંચિત સમાજ અને કચડાયેલ વર્ગ સંગઠીત અને જાગૃત થઇ તેમનાં અધિકાર માટે સક્ષમ બને અને માનભેર રીતે તેને ભોગવી શકે.

**ભૌગોલિક વ્યાપ :-**

સંસ્થા અમદાવાદ શહેરનાં ૧૯ વિસ્તારો અને ગુજરાતના અમદાવાદ, મહેસાણા, પાટણ, ભરૂચ, જામનગર, અને જૂનાગઢ જીલ્લાઓના ૧૮ તાલુકા તેમજ ૧૨૩ ગામોમાં કાર્ય કરી રહી છે.

**લક્ષ્યાંક જૂથ :-**

બાળકો, કિશોરીઓ, યુવાનો, બહેનો તથા વંચિત સમુદાયો.

**સંસ્થાના મુખ્ય ચાર કાર્યક્રમ છે.**

૧. સામાજીક સક્ષમતા
૨. આર્થિક સક્ષમતા
૩. શાંતિ અને સદ્દભાવના
૪. શિક્ષણ અને જાગૃતિ

**સંસ્થા દ્વારા લોકોભાગીદારીથી ત્રણ લોક સંગઠનો ઉભા કરવામાં આવ્યા છે.**

૧. એકતાનારી સંગઠન
૨. અમદાવાદ શહેરી યુવા મંચ
૩. કદમ બાળ સંગઠન

આ લોકસંગઠનો વંચિત સમુદાયના બહેનો, બાળકો અને યુવાનો દ્વારા બનેલા છે. આ સંગઠનો દ્વારા સામાજીક, આર્થિક સક્ષમતા તથા શાંતિ અને વિકાસના કામો થઈ રહ્યા છે.આ ઉપરાંત બહેનો અને બાળકો ઉપર થતી હિંસા અને અન્યાયી માળખા સામે તેમને રક્ષણ મળે અને તેમના અધિકારો જળવાઈ રહે તે માટે ક્ષમતાવર્ધન કાર્યક્રમો કરવા અને યુવાનો સાથે રોજગારલક્ષી આવડતો વધારી તેમને રોજગારીમાં જોડવા અને તેમના દ્વારા શાંતિ અને સદ્ભાવના કાયમ થાય તેવા કાર્યક્રમો સંસ્થા દ્વારા ચલાવવામાં આવી રહ્યાં છે.

**સેન્ટર ફોર ડેવલપમેન્ટ** દ્વારા **એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટીસ** (APJ) નાં નેજા હેઠળ ગુજરાતમાં વંચિત સમુદાયોના મુળભૂત અધિકારો અને વ્યવસ્થાઓ મળી રહે તે માટે સમાજનાં અલગ-અલગ જુથો, અન્ય સંસ્થાઓ, સરકારના સંલગ્ન વિભાગો અને આગેવાનો સાથે સંકલન કરીને ન્યાય, શાંતિ અને સમાનતાના મુદ્દા ઉપર સતત કાર્ય કરી રહી છે.

વિકાસમાં વંચિતો, કાર્યક્રમ અંતર્ગત ગુજરાતનાં ૨૧ જીલ્લાઓમાં મુખ્ય ૩ બાબતોને ધ્યાનમાં રાખીને કામ કરવામાં આવી રહ્યું છે જેમાં સમાજના અવાજને મજબૂત બનાવવો સંવેદનશીલ બનાવવો તથા અવાજને જોડવો એ વ્યૂહરચના મુજબ કામગીરી કરવામાં આવી રહી છે.

**એ.પી.જે.ની મુખ્ય કામગીરી :-**

૧) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર ન્યાય અને અધિકારો માટે કામ કરવું.

૨) કોઈપણ જાતના ભય વગર ધાર્મિક સ્વાતંત્ર્ય મળે તે નિશ્ચિત કરવું.

૩) લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાને મજબૂત કરવી.

૪) શાંતિ અને ન્યાય માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી કરવી.

૫) વિવિધ સરકારી યોજનાઓની જાગૃતિ વધારવાનું અને લાયક લોકો સુધી તે યોજનાને લાભો પહોંચાડવા માટે સરકારી વિભાગોને લોકો સુધી લઈ જવા.

૬) વિવિધ પ્રકારની હિંસાના ભોગ બનેલા નિર્દોષ લોકોને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવું.

૭) લોકશાહી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પ્રચાર-પ્રસાર માધ્યમો, નાણાંકીય સંસ્થાઓ વગેરે સાથે ચર્ચા કરી તેમને સમાજના કચડાયેલા, ઉપેક્ષિત સમૂહોના સર્વાંગી વિકાસ સાથે જોડવાં હેતુ ચર્ચા અને મુલાકાતો કરવી.

૮) સમાન વિચારસરણી ધરાવતાં વ્યક્તિઓ, જૂથો અને સંસ્થાઓ સાથે સંબંધો પ્રસ્થાપિત કરવા.

CfD Centre for Development

Alliance for Peace & Justice

સંપર્ક : બીજો માળ, મિસ્ત્રી ચેમ્બર્સ, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. (ગુજરાત) E-mail : cfd.ad28@gmail.com ◆ Website : www.cfdngo.org

# ભારતનું બંધારણ

ભારતનો બંધારણ ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ ના રોજ ઘડવામાં આવ્યો. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ બંધારણ અમલમાં આવ્યો, એજ દિવસ ભારતને સ્વતંત્રતા પણ મળી.

ભારતના બંધારણમાં નાગરિકતા, મૂળભૂત અધિકારો, રાજ્યના નીતિ નિર્દેશક સિદ્ધાંતો, સંસદ અને રાજ્ય વિધાનસભાનું માળખું, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ, યુનિયન અને રાજ્ય વચ્ચેના સંબંધો, સેવાઓ, સત્તાવાર ભાષા અને અન્ય વિવિધ મહત્વની બાબતો ઉપર વિગતવાર જોગવાઈઓ બનાવવામાં આવી છે.

## મૂળભૂત અધિકારો (અનુચ્છેદ ૧૨ થી ૩૫)

**૧. સમાનતાનો અધિકાર (અનુચ્છેદ ૧૪ થી ૧૮)**

- સમાનતાના અધિકારમાં કાયદા સમક્ષ સમાનતા
- ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અને જન્મસ્થળનાં આધાર પર ભેદભાવ કરવા પર પ્રતિબંધ
- જાહેર નોકરીની બાબતોમાં તક ની સમાનતા
- અસ્પૃશ્યતા નાબૂદી
- ખિતાબોની નાબૂદી

**૨. સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ ૧૯ થી ૨૨)**

- વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા
- શાંતિપુર્ણ અને શસ્ત્ર વિના ભેગા થવાની સ્વતંત્રતા
- સંગઠન અથવા સંઘો (યુનિયન) અથવા સહકારી મંડળીઓ રચવાની સ્વતંત્રતા
- ભારતના સમગ્ર પ્રદેશમાં હરવા ફરવા તથા નિવાસ કરવાની સ્વતંત્રતા
- કોઈપણ વ્યવસાય, ધંધા રોજગાર કે વેપાર કરવાની સ્વતંત્રતા
- ગુન્હા માટે દોષિત ઠરાવવા અંગેનુ રક્ષણ
- જીવન જીવવાની અને શરીર સ્વાતંત્ર્યનું રક્ષણ (પ્રાણ અને દૈહિક સ્વતંત્રતા)
- શિક્ષણનો અધિકાર
- ધરપકડ અને અટકાયત સામે રક્ષણ

**૩. શોષણ સામે રક્ષણનો અધિકાર (અનુચ્છેદ ૨૩ અને ૨૪)**

- મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી (વેઠપ્રથા)ઉપર પ્રતિબંધ
- કારખાના વગેરેમાં બાળકોને નોકરી પર રાખવાનો પ્રતિબંધ

**૪. ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર (અનુચ્છેદ ૨૫ થી ૨૮)**

- અંત:કરણની અને મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચાર-પ્રસારની સ્વતંત્રતા
- ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય
- કોઈ ખાસ ધર્મની અભિવૃદ્ધિ માટે ભરવાના કર અંગે સ્વતંત્રતા
- અમુક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી અંગે સ્વતંત્રતા

**૫. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો (અનુચ્છેદ ૨૯ થી ૩૧)**

- ધાર્મિક લઘુમતીઓના હિતોનું રક્ષણ
- ધાર્મિક લઘુમતીઓને શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર

**૬. બંધારણીય ઈલાજોનાં અધિકારો (અનુચ્છેદ ૩૨)**

- અધિકારોના અમલ કરાવવા માટે સર્વોચ્ચ ન્યાયાલયમાં જવાનો અધિકાર

## મૂળભૂત ફરજો (અનુચ્છે ૫૧-A)

- બંધારણનું પાલન કરવું, તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની.
- સ્વતંત્રતા માટેની આપણી લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની.
- ભારતમાં સર્વોભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની.
- દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્ર સેવા બજાવવાની.
- ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદો થી દૂર રહી ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની ભાવનામાં વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારોને ત્યજી દેવાની.
- આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની.
- જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહીત કુદરતી પર્યાવરણની જાળવણી કરવાની.
- વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જીજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની.
- જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની.
- વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો જેથી રાષ્ટ્ર પુરુષાર્થ અને સિધ્ધિઓની તરફ સતત પ્રગતિ કરતુ રહે.

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
**(અનુચ્છેદ ૩૬ થી ૫૧)**

- બધા પુરુષો અને મહિલાઓને પર્યાપ્ત આજીવિકાના અધિકાર સુરક્ષિત કરવા.
- સમાન કાર્ય માટે સમાન વેતન મળે તેની ખાતરી કરવા માટે.
- કામ, શિક્ષણ અને અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવાનો હક્ક.
- કામદારો માટે નિર્વાહવેતન, કામ અંગેની ન્યાયી અને માનવીય પરિસ્થિતી અને યોગ્ય ધોરણે જીવન નિર્વાહ કરી શકે તે સુરક્ષિત કરવું.
- રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને, કામનો, શિક્ષાનો અને બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી, અપંગતાના કારણે પાછળ રહી જતા લોકોને જાહેર સહાયનો હક મળી રહે તે માટે જોગવાઈ કરશે.
- બાળકોનો સ્વસ્થ રીતે વિકાસ થાય તે માટે તકો અને સુવિધાઓ પૂરી પાડવી.
- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોનો અભિવૃદ્ધિ.
- ગ્રામ પંચાયતની રચના.
- સમાન ન્યાય અને મફત કાનૂની સહાય.
- નાગરિકો માટે એક સરખો દીવાની કાયદો.
- પર્યાવરણનું જતન અને સુધારણા તથા જંગલ અને વન્ય પશુપક્ષીઓના રક્ષણ માટે જોગવાઈ કરવી.
- રાષ્ટ્રીય મહત્વના સ્મારકો અને સ્થળો અને વસ્તુઓનું રક્ષણ.
- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની અભિવૃદ્ધિ.

CfD Centre for Development

Alliance for Peace & Justice

સંપર્ક : બીજો માળ, મિસ્ત્રી ચેમ્બર્સ, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. (ગુજરાત) E-mail : cfd.ad28@gmail.com ◆ Website : www.cfdngo.org